॥ सुयं मे आउसं ॥

# શ્રુતદીપ

વર્ષ : ૧ • વિક્રમ સંવત ૨૦૭૪ • અંક : ૩ ફેબ્રુઆરી ૨૦૧૮



## વર્તમાન સમયમાં શ્રુતની ભૂમિકા

મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજી ગણી

જિનશાસન એક વૃક્ષ જેવું છે જેની આપણે પૂજા કરીએ છીએ. આપણું જીવન આ વૃક્ષ પર નિર્ભર છે. એ વૃક્ષનું થડ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ સંઘ છે. ઘણી બધી સંસ્થાઓ એના પાંદડાં છે. એમાં આચારના ફૂલ ખીલે છે. એનાથી ભાવ રૂપ ફળ ઉત્પન્ન થાય છે. જે પણ આ વૃક્ષ પાસે આવે છે તે કંઇક ને કંઇક પામીને જાય છે. કોઇ પણ વૃક્ષનો આધાર તેનું મૂળ હોય છે. જિનશાસનનું મૂળ છે-સમ્યગ્દર્શન. વૃક્ષને વિકસવા માટે ભૂમિ જોઇએ એ છે- ચારિત્ર. વૃક્ષના જીવિત રહેવાના ત્રણ સ્રોત છે - હવા, પાણી અને પ્રકાશ. જિનશાસનના જીવિત રહેવાના ત્રણ સ્રોત છે- શ્રદ્ધા, ક્રિયા અને જ્ઞાન. શ્રદ્ધાનું પ્રતીક દેરાસર છે. ચારિત્રનું પ્રતીક આપણા સાધુ, સાધ્વીજી ભગવંત છે. જ્ઞાનનું પ્રતીક **શ્રુતજ્ઞાન** છે. તેનો સ્રોત છે- હસ્તપ્રત.

આજે બે ક્ષેત્રોમાં આપણે ઘણાં જ આગળ વધી રહ્યા છીએ. એક, શ્રદ્ધાના કેંદ્ર દેરાસર ઘણાં બની રહ્યાં છે. બે, ચારિત્રના ક્ષેત્રમાં પ્રગતિ થઇ રહી છે. સત્તર હજાર મહારાજ સાહેબ આજે આ ધરતી પર છે. આ ગૌરવ લેવા જેવી ઘટના છે. આટલી બધી પ્રગતિ થઇ ગઇ પણ જ્ઞાનના ક્ષેત્રમાં પ્રગતિ થઇ નથી. શું તમને ખબર છે શ્રુતજ્ઞાનના વિષયમાં આપણી શક્તિ શું છે? સરકારી આંકડો એમ બતાવે છે કે - **આ વિશ્વમાં કોઇ એક ધર્મ પાસે જો સહુ થી વધારે હસ્તપ્રત = હાથથી લખેલું જ્ઞાન હોય તો તે જૈન ધર્મ પાસે છે.** આપણે બે ક્ષેત્રમાં સશક્ત છીએ હવે આ ત્રીજા ક્ષેત્રને સશક્ત કરવાની જરૂર છે. આ શાસ્ત્રોને જો બચાવી રાખવા છે તો એ શાસ્ત્રો પર આપણે કામ કરવું પડશે. આપણે આપણું જ્ઞાન ભૂલી રહ્યા છીએ. જો હસ્તપ્રતો ખતમ થઇ ગઇ તો આ બધા શાસ્ત્રોનો હ્રાસ થઇ જશે. આ એક ચિંતાનો વિષય છે અને તેની આ ચિંતામાંથી જ શ્રુતભવનનો પ્રાદુર્ભાવ થયો છે. ૩૦૦ વર્ષ પછી જો કોઇ ઉપાધ્યાય યશોવિજયજી ઉત્પન્ન થાય તો તેમને કોઇ શાસ્ત્રની ખોટ વર્તાવી ન જોઇએ. એમની આંખોમાં આંસુ ન આવવા જોઇએ કે મારી પાસે ભણવા માટે કોઇ શાસ્ત્ર નથી. શ્રુતભવન એમના માટે છે. અને એટલે જ આ શાસ્ત્રોને આવતી પેઢી સુધી પહોંચાડવી જરૂરી છે. મહારાજ સાહેબ વાંચી શકશે તો જ આપણી પાસે આ જ્ઞાન ઉપલબ્ધ રહેશે. જો મહારાજસાહેબ પાસે જ્ઞાન નહીં રહે તો આપણી હાલત શું થશે આની આપણે કલ્પના પણ નથી કરી શકતા.

જ્ઞાન જીવિત રહેશે તો શ્રદ્ધા જીવિત રહેશે. જ્ઞાન જીવિત રહેશે તો જ આચાર જીવિત રહેશે. જ્ઞાન નહીં રહે તો શ્રદ્ધા અને ચારિત્ર બન્ને નિર્બળ થઇ જશે. એથી જ આપણે શ્રુતને આગળ વધારવું છે. આટલું જ નહીં તેમાં પ્રવેશેલી અશુદ્ધિઓને પણ કાઢવાની છે. આ જ શ્રુતભવનનું મુખ્ય કાર્ય છે. આને સમજવું જરૂરી છે. મહારાજ સાહેબ જ્યારે કોઇ પણ શાસ્ત્ર બનાવે છે ત્યારે તેની પહેલી પ્રત પોતે લખે છે અથવા લખાવે છે. જ્યારે તેની પ્રતિલિપિ થાય છે તો તેમાં અશુદ્ધિઓની સંભાવના અધિક હોય છે. એક શાસ્ત્રની અનેક હસ્તપ્રતો થઇ. તેમાં અશુદ્ધિ ઘણી હતી. આ પ્રતિઓમાંથી અશુદ્ધિઓ કાઢવામાં નહીં આવે તો શું થશે? જે અર્થને ધ્યાનમાં રાખીને કર્તાએ લખ્યું છે તેનો અલગ અર્થ થઇ જશે. આ ન બને એ માટે શ્રુતભવનમાં શાસ્ત્રોનું શુદ્ધિકરણ કરાય છે.

એવો અંદાજ છે કે આપણી પાસે ત્રીસ હજાર મૂળ શાસ્ત્ર છે. તેની વીસ લાખ હસ્તપ્રતો છે. આ બધી હસ્તપ્રતોનું એકત્રિત અને પ્રામાણિક સૂચિપત્ર તૈયાર કરવાનું છે. જ્યાં સુધી આ કાર્ય પૂર્ણ નથી થતું ત્યાં સુધી અમે ઉપલબ્ધ સૂચિપત્રના સહારે પ્રગટ અને અપ્રગટ પાંડુલિપિઓનો વિભાગ કરીએ છીએ. તે પછી લિપ્યંતર, પાઠાંતર, સંશોધન અને સંપાદન થાય છે.

આ કામ ન મારું છે, ન તમારું છે. આ કામ ભગવાનનું છે, આ કામ શ્રુત પરંપરાના સંવાહક શ્રમણ સંઘનું છે. આપણી જ્ઞાનસંપદાને ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવાના લક્ષ્યની સાથે અમે આ યજ્ઞમાં જોડાયા છીએ. આપની શક્તિ, આપની સંપત્તિ, આપનો સમય જો આપ તેમાં આપશો તો આ યજ્ઞ જલ્દી પુરો થશે.

# વર્તમાન સમયમાં શ્રુતની ઉપયોગિતા

## ડૉ. જિતેંદ્ર બી શાહ

### શ્રુતસંવાદ ૭-૧-૨૦૧૮માં પ્રસ્તુત વક્તવ્યનો સારાંશ

આજે પૂરા વિશ્વમાં જૈન ધર્મની પ્રતિષ્ઠાનું કારણ આપણું શ્રુતજ્ઞાન છે. અંગ્રેજોના જમાનામાં યુરોપીય વિદ્વાનો ભારતીય શાસ્ત્રોનું અધ્યયન કરવા માટે ભારત આવતા હતા. એમના આવવાથી આપણી આંખ ખુલી કે આપણાં શાસ્ત્રોમાં કંઇક પડેલું છે. આ લોકો કેમ અહિં આવે છે? આમાં શું શોધે છે? તેઓ વિદ્યા શોધી રહ્યા હતાં. આપણા શાસ્ત્રોને જોઇને તેઓ અભિભૂત થઇ ગયા હતા. તેઓને એવું પ્રતીત થયું કે ભારતમાં શેક્સપિઅરથી પણ મહાન્ વિદ્વાન થયા છે. ભારત પ્રત્યે એમની રુચિ વધી. એ લોકોએ ભારતીય શાસ્ત્રોનો અધ્યયનનો પ્રારંભ કર્યો. આપણા શાસ્ત્રો જોઇને તેમને બહુ અહોભાવ થયો. પં.શ્રી ઇંદ્રચંદ્ર શાસ્ત્રીએ મહો. શ્રીયશોવિજયજી રચિત જૈન તર્કભાષાનો અનુવાદ કરતા કહ્યું કે - **જો આ યશોવિજયજી યુરોપમાં થયા હોત તો બધા યુરોપીયન પોતાના ઘરનાં પ્રવેશદ્વાર પર એમનાં નામનું તોરણ બાંધત.**

આઠમી શતાબ્દીમાં હ્યુ-એન-ત્સંગ દસ હજાર માઇલનો પ્રવાસ કરીને ભારત આવ્યો અને ભારતમાંથી વીણી વિણીને ૬૮૦ ગ્રંથ ભારતથી ચીન લઇ ગયા. પુરા ચીનમાં એ ગ્રંથોનું અધ્યયન થયું અને આજે પણ ચીન કહે છે કે - **અમારા આ ગ્રંથ જ અમારી સંસ્કૃતિની આધારશિલા છે.** આ ગ્રંથોના આધાર પર આપણે જીવી રહ્યા છીએ. આ ગ્રંથોના કારણે જ ભારત દેશ વિશ્વનો ગુરૂ છે. આજે આપણી સામે બહુ મોટો પડકાર છે કે આપણે આપણા ગ્રંથોને સુરક્ષિત કેવી રીતે કરીએ. આપણા પૂર્વજોએ આ ગ્રંથોની સુરક્ષા માટે પોતાના સર્વસ્વનું સમર્પણ અને પ્રાણોનું તર્પણ કર્યું છે. બરોડામાં સયાજીરાવ ગાયકવાડનું રાજ્ય હતું. ત્યાં પંડિતોએ પોતાની હસ્તપ્રતો ગાયકવાડ ઓરિએંટલ રિસર્ચ ઇંન્સ્ટિટ્યુટને ભેટ આપી. અઢારથી વીસ હજાર હસ્તપ્રતો ભેગી થઇ ગઇ. હવે સમસ્યા આવી કે આની સુરક્ષા કેવી રીતે કરવી. બધાં લોકો ગાયકવાડ મહારાજા પાસે ગયા અને પોતાની સમસ્યા કહી. ગાયકવાડે કહ્યું કે-આમાં ચિંતા કરવાની શું વાત છે? કાલે જ અમે ઇંગ્લેંડથી અમારા દાગીનાની રક્ષા માટે મૂલ્યવાન જલપ્રતિરોધક(વૉટરપ્રુફ), અગ્નિપ્રતિરોધક (ફાયરપ્રુફ) તિજોરીઓ મંગાવી છે, તે તમે લઇ જાઓ, એમાં જ ગ્રંથ રાખો. આ ભારતદેશ છે. આ ભારતીય લોક છે. આ જ્ઞાનની રક્ષાની વાત છે.

જ્ઞાનની સુરક્ષા પછી સહુથી મોટું કાર્ય છે જ્ઞાનને શુદ્ધ કરવું. એક અક્ષર પણ અહિંથી ત્યાં થઇ જાય તો અર્થનો અનર્થ થઇ શકે છે. મુનિશ્રી પુણ્યવિજયજી પણ વારંવાર કહ્યા કરતા કે - **શાસ્ત્રોનું સંશોધન કરવું બહુ કઠિન કાર્ય છે, આ તો ધૂળ ધોવા જેવું કામ છે.** ધૂળને ધોવાથી કેવળ ગંદકી જ હાથમાં આવે છે. આ શાસ્ત્રો પર કરોડો વર્ષોથી જામેલી ધૂળને સંશોધન દ્વારા દૂર કરવી પડે છે. નાના નાના અક્ષરોમાં લખાયેલ પાઠોને વાંચવા બહુ જ કપરું કામ છે. આ કામ શ્રુતભવન દ્વારા થાય છે. શ્રુતભવને જે કામ પ્રારંભ્યું છે તે પહેલા પણ થયું છે પણ પહેલા આપણા મુનિ ભગવંતો, આપણા વિદ્વાનો એકલે હાથે આ કરતા હતાં. જીવનભરમાં બે-પાંચ-દશ ગ્રંથોનું સંશોધન કરી શકતા હતાં. આપણા શાસનનો આ ભાગ્યોદય સમજો કે મુનિ શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મહારાજના મનમાં એક ભાવ પેદા થયો કે જે કામ આપણા વિદ્વાન એક જીવનમાં નથી કરી શક્યા એ કામ આપણે યથાશીઘ્ર કરી લઇએ. મુનિશ્રીએ આ કામનો પ્રારંભ પુનાની ધરતી પર કર્યો.

**શ્રુતભવન જૈનશાસનનું ભવિષ્ય છે.** તે આપણે આજે નિર્મિત કરવાનું છે. આપણે આજે સંકલ્પ કરવાનો છે કે શ્રુત માટે જે લોકો પોતાના જીવનની આહુતિ આપે છે એમના માટે આપણે તૈયાર રહીએ. મુનિશ્રીએ આ કામ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તે કેવળ એકલા જ મશાલ લઇને નિકળી પડ્યા છે. તેમણે ક્યારે વિચાર્યું નથી કે કોણ સાથે આવશે, કોણ નહીં આવે. પણ ધીમે ધીમે લોકો જોડાતા ગયા. એમણે વિદ્વાનોને તૈયાર કરવાનું કામ શરૂ કર્યું. એ યુવાઓને બેસાડીને ભણાવે છે. અનેક પ્રકારના પ્રલોભનો છોડીને આ વિદ્યાને ભણવી - જે વિદ્યામાં કેવળ પોતાની બધી ઇચ્છાઓની આહુતિ આપવી પડે છે એવી વિદ્યા ભણવી- બહુ કઠિન છે. મુનિશ્રી જ આવું કામ કરી શકે છે અને આવા યુવાન જ આવું કરી શકે છે. આપણે નહીં કરી શકીએ. જૈન ધર્મના શાસ્ત્ર એવા વૈજ્ઞાનિક રહસ્યોથી ભરેલા છે. એવા અનેક રહસ્યોથી ભરેલા શાસ્ત્રોને શુદ્ધ કરવા, સુરક્ષિત કરવા, પ્રકાશિત કરવા, લોકો સુધી પહોચાડવાં અને પુરા વિશ્વમાં આ જ્ઞાનની જ્યોતનો પ્રકાશ ફેલાવવાનું કાર્ય શ્રુતભવન દ્વારા થઈ રહ્યું છે. આવા કાર્ય માટે આપણને ગૌરવ હોવું જોઇએ.

કોલકતા માં ડૉ. સત્યેંદ્રનાથ બોઝ નામના મોટા વૈજ્ઞાનિક હતા. તેમાં તેમણે ક્યાંક ભગવતી સૂત્ર માં કહેલી પુદ્‌ગલની વ્યાખ્યા વાંચી. તે અદ્‌ભૂત વ્યાખ્યાને વાંચીને તે ખુશ થઈ ગયા. તેના પર તેમણે લેખ લખ્યો. અને વિશ્વના સહુથી મોટા વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈનને મોકલ્યો. લેખ વાંચતા જ આઇન્સ્ટાઈન ખુરશી પરથી ઊભા થઇ ગયા. તેમણે કહ્યું કે આજ સુધી મૅટર માટે હું નથી વિચારી શક્યો તે ભારતમાં બેસેલા આ વૈજ્ઞાનિકે વિચાર્યું છે. આઇન્સ્ટાઈને સત્યેંદ્રનાથ બોઝને એક પત્ર લખ્યો કે-આપની શોધ અદ્‌ભૂત છે. આજ સુધી કોઇએ આ શોધ નથી કરી. આ શોધના આધારે પૂરા વિશ્વની સ્થિતિ બદલાઇ શકે છે. મારી એક વિનંતિ છે જો તમારી અનુમતિ હોય તો આ લેખ હું મારા નામે પ્રકાશિત કરવા માંગુ છું. અને આઇન્સ્ટાઈને તે લેખનો જર્મન ભાષામાં અનુવાદ કરીને સંશોધન પત્રિકામાં છપાવ્યો. વૈજ્ઞાનિકોએ આઇન્સ્ટાઈનને ઘણુ મોટું સન્માન આપ્યું કે મૅટરની વ્યાખ્યા જે આજ સુધી અમે વિચારતા હતાં તેથી કંઇ ગણું આ વ્યાખ્યામાં છે. હમણાં એક જે પરમાણુ માટે ગોડ્‌સ પાર્ટીકલની મુવમેંટ ચાલી હતી તેમાં બોઝોન શબ્દનો પ્રયોગ થયો છે તે સત્યેંદ્રનાથની સ્મૃતિમાં રાખવામાં આવેલ છે. આ આપણા શાસ્ત્રની કમાલ છે. આપણાં શાસ્ત્ર શું છે? આપણાં શાસ્ત્રમાં શું ભરેલું છે? આપણને કંઇ ખબર નથી. હું સહુથી દુઃખી છું. ક્યારેક ક્યારેક રડું પણ છું કે આટલી જ્ઞાનની સંપત્તિ હોવા છતાં પણ આપણને કંઇ પણ ચિંતા નથી. ગૌરવ પણ નથી.

# સમાચાર



દિ. ૭ જાન્યુઆરી ૨૦૧૮ ના દિવસે શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન સંચાલિત શ્રુતભવન સંશોધન કેંદ્ર દ્વારા શ્રુતસંવાદ કાર્યક્રમનું આયોજન થયું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ શ્રુતની વર્તમાન સ્થિતિ અને એની સુરક્ષા કરવા માટે ઉપયુક્ત વિચારોનું ચિંતન કરવાનો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ અતિથિરૂપે ડૉ. જિતેંદ્ર બી. શાહ હતા. અનેક માન્યવરોએ શ્રુતભવનના આ અદ્‌ભુત કાર્યની પ્રશંસા કરી અને આ યજ્ઞમાં તન-મન-ધનથી જોડાવાનો સંકલ્પ કર્યો. અનેક સંઘોએ જ્ઞાનદ્રવ્ય દ્વારા આર્થિક સહયોગની ઘોષણા કરી. અનેક માન્યવરોએ વ્યક્તિગત આર્થિક સહયોગની ઘોષણા કરી. આ કાર્યક્રમમાં શ્રુતજ્ઞાન સંબંધી સાધનોનું પ્રદર્શન આયોજિત કર્યું હતું. જેમાં તાડપત્રીય હસ્તપ્રત, ભૂર્જપત્ર તથા કાગળની હસ્તલિખિત પ્રતો, હસ્તપ્રત લેખનસામગ્રી તથા સંસ્થા દ્વારા પ્રકાશિત પ્રગટ-અપ્રગટ સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, મરાઠી આદિ ભાષાઓના લગભગ પચાશથી અધિક ગ્રંથોનો સમાવેશ હતો.

## શ્રુતસંવાદમાં ઉપસ્થિત મહાજન



### શ્રી વર્ધમાન જૈન

**(પ્રસિદ્ધ ચાર્ટર્ડ એકાઉંટટ)**

મને નથી લાગતું કે એ દિવસો દૂર છે કે આ કાર્ય આપણા જ જીવન કાળમાં આપણે પૂરું થતું જોઇશું. આજે શ્રુતભવન માટે હું પોતાને સમર્પિત કરુ છું.

**श्रुतभवन का असली इम्तेहान तो अभी बाकी है।**
**श्रुतभवन की उडान तो अभी बाकी है।**
**अभी तो नापी है मुट्ठी भर ज़मी।**
**सारा आसमां तो अभी बाकी है।**



### શ્રી દીપક શાહ

**(અધ્યક્ષ, પાર્શ્વપ્રજ્ઞાલય જ્ઞાનસંસ્કાર મંદિર, તળેગાંવ)**

**सोच को बदलो तो सितारे बदलतें हैं,**
**नज़र को बदलो तो नज़ारे बदलते हैं।**
**कश्तियाँ बदलने की जरुरत नहीं है,**
**सिर्फ दिशाओं को बदलो तो किनारे बदलते है।**

સાહેબજી જો આપ મને મોકો આપો તો હું જરુર આ કાર્યમાં હું પોતે સમ્મિલિત થવા ઇચ્છું છું. સારા સ્કોલર નિર્મિત થશે તો આવનારી પેઢી માટે બહુ જરુરી થશે.



### શ્રી વિલાસ રાઠોડ

**(અધ્યક્ષ,વર્ધમાન પ્રતિષ્ઠાન)**

આ બહુ અણમોલ કાર્ય છે. હું આપને વિનંતિ કરું છું કે વર્ધમાન પ્રતિષ્ઠાન શિવાજી-નગરની જગ્યામાં કામ કરવા માટે અનુરોધ છે. શ્રુતભવન અમારા માટે બહું સહયોગ કરવા યોગ્ય છે. શ્રુતભવનને બધા લોકોએ સહયોગ કરવો જોઇએ.



### શ્રી ઓમપ્રકાશ રાંકા

**(રાંકા જ્વેલર્સ)**

શ્રુતભવન સાથે હુ ઘણા વર્ષોથી જોડોયો છું. મેં મહારાજ સાહેબને પણ પંદર દિવસ પહેલા જ વચન આપ્યું કે હું આજીવન આપની સાથે છું. જ્યારે કઇ કામ પડે તો મને યાદ કરજો હું હંમેશા તૈયાર છું.



પ.પૂ.આ.શ્રી **વિ.રાજરત્નસૂરિજી** મ.સા.ની નિશ્રામાં નાગેશ્વર તીર્થધામમાં આયોજિત અંજનશલાકા મહોત્સવમાં **ત્રિષષ્ટિશલાકાપુરુષવિચાર** ગ્રંથ અને **મારો પ્રિય શ્લોક**નું સંઘાર્પણ ભગવાનના માતાપિતાના હાથે થયું.




પ.પૂ.આ.શ્રી **વિ.યશોવર્મસૂરિજી** મ.સા.ના ૫૪માં દીક્ષાદિવસ નિમિત્તે વાપીમાં આયોજિત કાર્યક્રમમાં **ત્રિષષ્ટિશલાકાપુરુષવિચાર** ગ્રંથનું સંઘાર્પણ થયું.

## શ્રુતભવન સંશોધન કેન્દ્ર કાર્યવિવરણ

**કારકપ્રકરણસંગ્રહ** અંતર્ગત કારકસંબંધી ૧૭ અપ્રગટ કૃતિઓ છે. તેમાંથી પાંચ કૃતિઓનું સંપાદન થયું છે. બાકી કૃતિઓ, **લોકપ્રકાશ** અને **શ્રેયાંસજિનચરિત**નું સંપાદન ચાલુ છે. **સા. શ્રી મધુરહંસાશ્રીજી** અઢાર પાપસ્થાનક વિષયક ગુજરાતી પદ્યકૃતિઓનું સંકલન કરી રહ્યા છે.

પંડિત **આશાધર** વિરચિત **ત્રિષષ્ટિસ્મૃતિ** ગ્રંથ, શ્રી **કલ્યાણવિજયશિષ્ય** વિરચિત **ત્રિષષ્ટિશલાકાપુરુષવિચાર** ગ્રંથ, આચાર્ય **શ્રીનરેંદ્રપ્રભસૂરિજી** રચિત **દષ્ટાંતશત** (હિંદી અનુવાદ સહિત) સંપાદન સંપન્ન થયું અને પ્રકાશન માટે સજ્જ છે.

### વર્ધમાન જિનરત્ન કોશ

**'बृहत् टिप्पनिका'** ભારતનું સર્વપ્રથમ સૂચિપત્ર ગણાય છે. આ કૃતિનું ૧૧ પરિશિષ્ટોની સાથે વિશિષ્ટ સંપાદન સંપન્ન થયું. **'जैन कृति कृतिकार कोश'**નું કાર્ય ગતિશીલ છે.

**વિશેષ ઉપલબ્ધિ :** પ.પૂ.આ.શ્રી વિ.**તીર્થભદ્રસૂ.**મ.સા. અને એમનો શિષ્ય પરિવાર પ્રાચીન તીર્થસંબંધી સ્તોત્ર, સ્તવન, ચૈત્યપરિપાટીના સંગ્રહાત્મક ગ્રંથનું સંપાદન કરે છે. શ્રુતભવનના સદ્ભાગ્યથી આ વિષયની માહિતીના સંકલન માટે તેમનું અહીં આગમન થયું. ૮ દિવસમાં વર્ધમાન જિનરત્ન કોશ વિભાગમાંથી ૩૦૦ કેટલોગની ૪ લાખ ૫૦ હજાર હસ્તપ્રતોમાંથી ૫૦૦૦થી અધિક હસ્તપ્રતોની માહિતી ઉપલબ્ધ કરાવવાનો લાભ મળ્યો છે.

### આગામી પ્રકાશન

**'મારો પ્રિય શ્લોક'** આ ગુજરાતી પુસ્તકમાં ૩૩ મહાત્માઓના લેખોનો સંગ્રહ છે. **'મૃત્યુનું મેનેજમેંટ'** અને **'આનંદ અંગ અંગ જાગ્યો'** આ બે પુસ્તકો પ્રકાશનાધીન છે. 'આનંદ અંગ અંગ જાગ્યો'માં મુનિ **શ્રીપ્રશમરતિવિજયજી** મ.ના ગીતોનું સંકલન

**સમાચાર :** શ્રુતભવનમાં પ.પૂ.આ.શ્રી **કલાપ્રભસાગરસૂ.**મ.સા.(અંચલગચ્છ), પ.પૂ.આ.શ્રી વિ.**ભવ્યદર્શનસૂ.**મ.સા., લીંબડી અજરામર સંપ્રદાયના **શ્રીનિરંજનમુનિજી** મ.સા., પ.પૂ.આ.શ્રી **તત્ત્વદર્શનસૂ.**મ.સા.ના શિષ્ય મુનિશ્રી **શીલદર્શનવિ.**મ.સા., સા. શ્રી **ધારણાશ્રીજી** મ., સા. શ્રી **આરાધનાજી** મહાસતીનું પદાર્પણ થયું. પૂ.મુનિ **શ્રીપ્રશમરતિવિજયજી** મ. વિદર્ભમાં વિચરણ કરે છે. ત્યાં એમની પ્રેરણાથી એકાધિક વિહારધામોનું નિર્માણ થઇ રહ્યું છે. પૂ.સા.**શ્રીજીનરત્નાશ્રીજી** મ. આદિ વાપીમાં વિચરણ કરે છે.

### અભિપ્રાય

You are preserving the light from the East to future generations. Congratulations and blessings are showered upon you.

— **Mrs. Heather Brown**
Assistant Director, Govt. Institute Art Lab, Adelaide, Australia.

પ્રભુએ પૂછ્યું-
'વત્સ! મારી જરુર ક્યાં સુધી?'
મેં આંસુનું ટીપું સમુદ્રમાં નાંખીને કહ્યું-
'આ આંસું પાછું ન મળે ત્યાં સુધી'
- પૂ.મુ.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર

કાર્યકારી તંત્રી
ગૌરવ કે. શાહ (૯૮૩૩૧૩૯૮૮૩)

**Printed Matter**
**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From**
**Shrutbhavan Research Centre,**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org